અપીલ અરજી નં.૭૭ તા.૨૯–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૯–૪–૧૦ ની અરજીથી નોંધ નં.૧૨/૨૩૪૨ ફલેટ નં.જી–૧, જી.ફલોર,બી બ્લોક સાબરી એપાર્ટમેન્ટ સૈયદપુરા માર્કેટ કુંભારવાડા પાસે સુરતના ટેના. નં.૧૨બી–૧૫–૧૪૨૪–૦–૦૦૧ માં શરતચુકથી કબ્જેદારથી અસલ દસ્તાવેજ ફાઈલ રજુ થયેલ હોય તે માહિતીની નકલ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૯–૫–૧૦ ની **SMC/FAP/** નં.૭૭/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૯–૪–૧૦ ની અરજીથી નોંધ નં.૧૨/૨૩૪૨ ફલેટ નં.જી–૧, જી.ફલોર,બી બ્લોક સાબરી એપાર્ટમેન્ટ સૈયદપુરા માર્કેટ કુંભારવાડા પાસે સુરતના ટેના. નં.૧૨બી –૧૫ –૧૪૨૪ –૦ –૦૦૧ માં શરતચુકથી કબ્જેદારથી અસલ દસ્તાવેજ ફાઈલ રજુ થયેલ હોય તે માહિતીની નકલ આપવા બાબતે આપેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૩૨૧ તા.૭–૬–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગત તથા મળેલ પ્રત્યુત્તરની નકલ તથા નારાજગી અંગે વાજબીપણું રજૂ કરવા માટે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને તેમના પત્ર નં.એઆરડી/૧૪ તા.૨૨–૬–૧૦ થી મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, તથા પાઠવેલ પ્રત્યુત્તર તા.૨૬–૫–૧૦ ની નકલ રજૂ કરેલ છે. વધુમાં તેમના પત્ર નં.૩૮૩ તા.૧૫–૬–૧૦ થી અરજદારે કરેલ બીજી અપીલની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર ધ્વારા તા.૧૧–૬–૧૦ ના પત્રથી મુળ અરજીની નકલ, ફી ની પાવતીની નકલ તથા જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ તા.૨૬–૫–૧૦ ના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૯–૪–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ વિષય બાબતે માહિતી માંગતી અરજી સ ેન્ટ્રલઝોનમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/૧૪ તા.૨૬–૫–૧૦ થી નોંધ નં. ૧૨ / ૨૩૪૨ સાબરી એપાર્ટ. બ્લોક નં.બી ફલેટ નં.જી–૧ ગ્રા.ફલોર ટેના નં.૧૨બી–૧૫–૧૪૨૪–૦–૦૦૧ વાળી મિલ્કત માટે કબ્જેદારથી મુકાયેલ અસલ દસ્તાવેજની નકલ માંગેલ છે. એ બાબતે જણાવવાનું કે માલિક શ્રી અનવર આર. મેઘાણીએ ફલેટ પ્રમાણે નામો દાખલ કરવા માટે લીસ્ટ આપેલ છે અને રીકવીઝેશન ફોર્મ ભરી માહિતી આપેલ છે અને સ્થળ તપાસને આધારે ફલેટ પ્ર માણે કબ્જેદારોના નામ દાખલ કરવામાં આવેલ છે. કબ્જેદારે કોઈ અસલ દસ્તાવેજ રજૂ કર્યા નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૯–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરી અમો અરજદારને ફકત માહિતી આપેલ છે નકલો આપેલ નથી. તેવું જણાવી માહિતી અપૂરતી અયોગ્ય અને અસંતુષ્ટ હોવાનું જણાવી મિલ્કતના માલિક અનવર આર. મેઘાણીએ ફલેટ પ્રમાણેના નામો દાખલ કરવા માટે લીસ્ટ આપેલ છે અને રીકવીઝેશન ફોર્મની માહિતીની નકલની અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી નકલો અંગે માંગણી કરેલ છે. જયારે માલિક તરફથી રજૂ કરેલ દસ્તાવેજની નકલની માંગણી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ કબ્જેદારે કોઈ અસલ દસ્તાવેજ રજૂ કર્યા નથી તેવું જણાવેલ છે. તથા પૂરક વિગતના પત્ર નં.એઆરડી/૧૪ તા.૨૨–૬–૧૦ થી પ્રસ્તુત કિસ્સામાં સદરહુ મિલ્કતના માલિક ધ્વારા કોઈ વેચાણ દસ્તાવેજ કે કબ્જા રસીદની નકલ આપી નથી પરંતુફલેટ પ્રમાણે નામો દાખલ કરવા માટે લીસ્ટ આપેલ છે અને રીકવીઝેશન ફોર્મ ભરી આપેલ છે તે મુજબની અરજદારને જાણ કરવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૪–૧૦ અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય માહિતી અંગે કોઈ વિશેષ કરવાનો હુકમ કરવાનો રહેતો નથી. જયારે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી રીકવીઝેશન ફોર્મ તથા નામો દાખલના લીસ્ટની માંગણી કરેલ છે. જે અંગે આરટીઆઈ કાયદા અને નિયમની જોગવાઈ હેઠળ અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,